# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-05-2024** **Evening : 7.10 to 7.20pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- રાજ્યમાં વીજળીના સ્માર્ટ મીટર પ્રાયોગિક ધોરણે સરકારી કચેરીઓમાં લગાવવાનો નિર્ણય.
- ધોરણ 10 અને 12 સામાન્ય પ્રવાહની પૂરક પરીક્ષા માટેની ઑનલાઈન આવેદન કરવાની કામગીરીને આવતીકાલ સુધી લંબાવાઇ.
- રાજ્યમાં તીવ્ર ગરમીનું મોજું યથાવત – સૌથી વધુ 45.8 ડિગ્રી તાપમાન સુરેન્દ્રનગરમાં નોંધાયું.
- નાફેડના ચેરમેન તરીકે વિધાનસભાના ઉપાધ્યક્ષ અને શહેરાના ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડ બિનહરીફ ચુંટાયા.
- વડોદરાની સિગ્નસ વર્લ્ડ સ્કુલના 15 વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોએ પાંચ હજાર 364 મીટરની ઉંચાઇ પર પહોંચીને એવરેસ્ટ બેઝ કેમ્પ સર કર્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## GUJARAT SMART ELECTRIC BILL BETHAK

વીજળીના સ્માર્ટ મીટર પ્રાયોગિક ધોરણે  સરકારી કચેરીઓમાં લગાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સરકારી કચેરીઓમાં તેના સફળ ઉપયોગ બાદ લોકોના ઘરોમાં લગાવવામાં આવશે.

રાજ્ય સરકારના ઉર્જા વિભાગના મેનેજીંગ ડાયરેક્ટર જયપ્રકાશ શિવહરેએ ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે સ્માર્ટ મીટર અંગે જે વિગતો સામે આવી છે, તેની તપાસ કરવામાં આવી રહી છે. અત્યાર સુધી એક પણ કેસમાં તથ્ય જોવા મળ્યું નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમે જૂના મીટર અને સ્માર્ટ મીટર બંને ચાલુ રાખીશું. પરંતુ આમાં કોઇ વિસંગતતા જોવા મળશે  તો અમને જાણ કરવી. તેમણે કહ્યું કે આમાં કોઇ ખામી નથી અને જો ખામી હશે તો તેને સુધારવાની અમારી જવાબદારી છે.

**(બાઈટ - જયપ્રકાશ શિવહરે, મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ)**

--------------------

## GUJARAT BOARD PURAK PARIKSHA DATE

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડે ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર

બુનિયાદી પ્રવાહની પૂરક પરીક્ષા માટેની ઑનલાઈન આવેદન કરવાની તથા ફી ભરવાની કામગીરી કરવા માટેની અંતિમ તારીખ એક દિવસ લંબાવીને 23 મે સુધી કરી છે.

ધોરણ 10માં ત્રણ અને ધોરણ 12 સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી પ્રવાહમાં બે વિષયમાં ગેરહાજર કે નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બૉર્ડે ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાના આવેદન ભરવા માટે આજે છેલ્લો દિવસ છે.

-----------------

# IMD WEATHER - 1

રાજ્યના હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, અમદાવાદ, ગાંધીનગર, અમરેલી, જિલ્લામાં મહત્તમ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. તો રાજકોટ, ભાવનગર, વલ્લભ વિદ્યાનગર અને વડોદરામાં મહત્તમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે સૌથી ઓછું 33 ડિગ્રી સેલ્સિયસ તાપમાન દ્વારકા જિલ્લામાં નોંધાયું છે. ઉપરાંત ડીસામાં 43 ડિગ્રી, મહુવા, કેશોદ અને સુરતમાં 42 ડિગ્રી, દમણ, નલિયા, કંડલા અને પોરબંદરમાં 37 ડિગ્રી સેલ્સિયસ, જ્યારે ઓખા અને દિવમાં 35 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું છે.

સુરેન્દ્રનગર જિલ્લાના અમારા પ્રતિનિધિએ જણાવ્યા મુજબ, જિલ્લામાં 45.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગે અમદાવાદ શહેરમાં ગરમીના તીવ્ર મોજાને ધ્યાનમાં રાખી આજે અને આવતીકાલે રેડ એલર્ટ, જ્યારે 24 મેથી 26 મે દરમિયાન ઑરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આગામી 26 મે સુધી અમદાવાદમાં મહત્તમ તાપમાન 45 ડિગ્રી રહેવાની પણ આગાહી છે.

મહીસાગર જિલ્લામાં તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી જતાં જિલ્લા આરોગ્ય અધિકારીએ લોકોને બપોરે 12 વાગ્યાથી ચાર વાગ્યા દરમિયાન બહાર ન નીકળવા સલાહ આપી છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં આગામી 25 મે સુધી ગરમીનું મોજું – ઉષ્ણ લહેરની ચેતવણી આપવામાં આવી છે. અહીં મહત્તમ તાપમાન 45.8 અને લઘુત્તમ તાપમાન 29 ડિગ્રી નોંધાયું છે. તેને ધ્યાનમાં રાખી કલેક્ટરે બપોરે 12 વાગ્યાથી ચાર વાગ્યા દરમિયાન બાંધકામ ક્ષેત્રમાં શ્રમિકો પાસેથી કામગીરી ન લેવા નિર્દેશ આપ્યા છે.

# IMD WEATHER - 2

રાજ્યમાં ગરમીના પ્રકોપને જોતા સરકારે બપોરે એક વાગ્યાથી ચાર વાગ્યાના સમયગાળા દરમિયાન બાંધકામ સહિતની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા શ્રમયોગીઓને પગાર કાપ્યા વગર વિશ્રામ આપવાનો નિર્ણય કર્યો છે. આ સૂચનાનું પાલન નહીં કરવા બદલ શ્રમિક હેલ્પલાઈન નંબર એક પાંચ પાંચ ત્રણ સાત બે નંબર પર ફરિયાદ નોંધાવી શકાશે.

------------

## JETHABHAI BHARWAD

નેશનલ એગ્રિકલ્ચર કો.ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન ઓફ ઇન્ડિયા-નાફેડના ચેરમેન તરીકે વિધાનસભાના ઉપાધ્યક્ષ અને શહેરાના ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડ બિનહરીફ ચુંટાઇ આવ્યા છે.

દિલ્હી સ્થિત મુખ્ય મથક ધરાવતા નાફેડના ગઇકાલે ડાયરેક્ટરની ચૂંટણી યોજાઇ હતી. આ ચૂંટણીમાં જેઠાભાઇ ભરવાડ બિનહરીફ ચુંટાઇ આવ્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે જેઠાભાઇ ભરવાડ સતત છ ટર્મથી જંગી બહુમતીથી શહેરા વિધાનસભા બેઠક પરથી જીત્યા છે. સહકારી ક્ષેત્રમાં જેઠાભાઇ ભરવાડનું નામ હોવાથી તેઓ સ્થાનિક રાજકારણમાં પ્રભુત્વ ધરાવતા નેતા છે. આ સાથે પંચમહાલ ડિસ્ટ્રીક્ટ બેન્ક અને મધ્ય ગુજરાતના લાખો પશુપાલકોની જીવાદોરી સમાન પંચમહાલ ડેરીના ચેરમેનપદે પણ હાલમાં કાર્યરત છે.

------

## Everest Base Camp - Vadodara

વડોદરાની સિગ્નસ વર્લ્ડ સ્કુલના 15 વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોએ આઠ દિવસના ટ્રેકિંગ પછી પાંચ હજાર 364 મીટરની ઉંચાઇ પર પહોંચીને એવરેસ્ટ બેઝ કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો.

આ ગ્રુપે 14મી મે ના રોજ એવરેસ્ટ બેઝ કેમ્પ પૂર્ણ કરીને ગુજરાતના શાળાના વિદ્યાર્થીઓની પ્રથમ અને ભારતમાંથી ત્રીજી ટીમ તરીકેનું બહુમાન મેળવ્યું છે. બેઝ કેમ્પ પૂર્ણ કરીને આ ટુકડીએ દેશ, શહેર અને પોતાની શાળાનું ગૌરવ વધાર્યું છે. આ ગ્રુપમાં 13 થી 15 વર્ષની વયની 6 છોકરીઓ અને 9 છોકરાઓ હતા. ગ્રુપના શિક્ષક સકીના ગિનીવાલાએ પોતાના અનુભવ વિશે વાત કરતાં કહ્યું હતું કે એવરેસ્ટ બેઝ કેમ્પ સુધી પહોંચવું એ અમારા બધા માટે ખરેખર લાગણીશીલ ક્ષણ હતી. અદ્દભૂત અનુભવ રહ્યો છે.

------------

# GANDHINAGAR KAPAS NAKALI BIYARAN

રાજ્યના ખેડૂતોએ કપાસનું બિયારણ સરકાર માન્ય સંસ્થા પાસેથી જ ખરીદવું એવું રાજ્ય સરકારે જાહેર કરેલી માર્ગદર્શિકામાં કહેવામાં આવ્યું છે. સંયુક્ત ખેતી નિયામક બી. વી. વસોયાએ કહ્યું કે, ખેડૂતોએ બિયારણના માન્ય જાત અસલ જ છે. બિયારણની જાત પર કેટલા ટકા દર્શાવ્યા છે. તે બધું ચકાસવું જોઈએ. ખેડૂતોએ અધિકૃત લોકો પાસેથી જ બિયારણની ખરીદી કરવી જોઈએ તેવી સલાહ આપી હતી.

આ અંગે સંયુક્ત ખેતી નિયામક બી. વી. વસોયાએ વધુ માહિતી આપી.

(બાઈટ - બી. વી. વસોયા, સંયુક્ત ખેતી નિયામક)

------------

## AHMEDABAD - PRE-MONSOON BETHAK

ચોમાસા પૂર્વે તૈયારીઓના ભાગરૂપે અમદાવાદ જિલ્લા કલેકટર પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેકટર દ્વારા આગોતરા આયોજન અને જરૂરી વ્યવસ્થાઓ માટેની પૂર્વતૈયારીઓ માટે અધિકારીઓને માર્ગદર્શન અપાયું હતું.

કલેકટરે જે-તે સંબંધિત વિભાગના અધિકારીઓને કરવાની થતી કામગીરી અંગે પૂર્વતૈયારીઓ સાથે એલર્ટ મોડ પર રહેવા સૂચના આપી હતી. પ્રજાજનોને ઓછામાં ઓછી મુશ્કેલી પડે તે રીતે કામ કરવા તાકીદ કરી હતી. આ સાથે આરોગ્ય વિભાગ, માર્ગ અને મકાન વિભાગ તથા ફાયરબ્રિગેડ વિભાગને પણ સ્ટેન્ડ બાય રહેવા સૂચના અપાઈ હતી.

પ્રવીણા ડી.કે.એ કહ્યું હતું કે, વર્ષાઋતુ દરમિયાન સંભવિત પરિસ્થિતિઓને પહોંચી વળવા અમદાવાદ ટીમ કાર્યરત છે.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી સહિત જુદા-જુદા વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

.................................

## NEWS IN BRIEF

હવે જોઇએ રાજ્યના અન્ય કેટલાક સમાચાર સંક્ષિપ્તમાં....

0) હિન્દી સિનેમાના અભિનેતા શાહરૂખ ખાને લૂ લાગતાં અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર લીધી.

1) અરવલ્લીમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રીને આંબી જતાં નગરપાલિકાએ શહેરના વિવિધ વિસ્તારોમાં રોડરસ્તા પર પાણીનો છંટકાવ કરાવ્યો.

2) રાજ્યમાં ગરમીના પ્રકોપને જોતા સરકારે બપોરે એક વાગ્યાથી ચાર વાગ્યાના સમયગાળા દરમિયાન બાંધકામ સહિતની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા શ્રમયોગીઓને પગાર કાપ્યા વગર વિશ્રામ આપવાનો નિર્ણય કર્યો.

3) બોટાદ જિલ્લામાં કપાસના બિયારણની અછત અને કાળા બજારની ફરિયાદને ધ્યાનમાં રાખી વિજિલન્સ સ્ક્વોડે તપાસ શરૂ કરી.

4) જામનગરમાં ધોરણ 10 બાદ ડિપ્લોમા ઈજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા અંગે માર્ગદર્શન આપવા માટે સરકારી પોલિટેકનિક દ્વારા 24 મેએ સેમિનારનું આયોજન કરાયું

5) મહેસાણામાં જિલ્લા કલેક્ટર, રાજકોટના જેતપુરમાં નાયબ વિકાસ અધિકારી અને અમરેલી ફાયર વિભાગના અધિકારીની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સુનની તૈયારી અંગે બેઠક યોજાઈ.

6) દ્વારકામાં ઓખા નગરપાલિકાના પ્રમુખ તરીકે રાજુ કોટક અને ઉપપ્રમુખ તરીકે હાડાભા માણેકના નામ જાહેર કરાયા.

7) ગીરસોમનાથના સૂત્રાપાડા પંથકમાં પીવાના પાણીની પાઈપલાઈનમાંથી ચોરી થતી હોવાનું જાણવા મળ્યું.

8) ડાંગ જિલ્લાના વાસુરણામાં આવેલી તેજશ્વિની સંસ્કૃતિ ધામ ખાતે ત્રણ દિવસીય સમર કેમ્પમાં વિદ્યાર્થીઓએ સેવા, સત્સંગ, ગરબા, સૂર્યનમસ્કાર સહિત વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો

9) વલસાડમાં બાળપણના મિત્રએ નોકરી અપાવવાની લાલચે યુવક સહિત અનેક લોકો સાથે છેતરપિંડી કરી, ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ નોંધાઈ.

10) ગીરસોમનાથમાં જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ સરકારી જમીનમાં થયેલા ગેરકાયદેસર દબાણને દૂર કરાવ્યા. તાલાલા તાલુકાના વિરપુર ગામમાં તાલાલા-સાસણ હાઈવેને અડીને આવેલી જમીનની બંને બાજુએ બિનઅધિકૃત 12 વીઘાં સરકારી જમીન ખૂલ્લી કરાવવામાં આવી.

------------------------------------